# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-10-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાજસ્થાનમાં કહ્યું કે, 'આજની પેઢીના યોગદાનથી વર્ષ 2047 સુધી વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય પૂર્ણ થશે'
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "મન કી બાત" કાર્યક્રમને આજે 10 વર્ષ પૂર્ણ
- નાણાકીય ગેરરીતિ મામલે EDએ પૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસ નેતા મોહમ્મદ અઝહરુદ્દીનને સમન્સ પાઠવ્યું
- નવરાત્રિના પાવન પર્વનો આજથી પ્રારંભ – કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવની શરૂઆત કરાવશે.
- પશ્ચિમ એશિયામાં સર્જાયેલી વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઇને એરલાઇન્સને ઇરાનની એરસ્પેસનો ઉપયોગ ટાળવા એડવાઇઝરી જાહેર
- I.C.C. મહિલા ટી-20 વિશ્વકપનો આજથી સંયુક્ત આરબ અમીરાત ખાતે પ્રારંભ થશે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## DAY PREZ RAJASTHAN VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, 'આજની પેઢીના યોગદાનથી વર્ષ 2047 સુધી વિકસિત રાષ્ટ્રબનવાનું લક્ષ્ય પૂર્ણ થશે. રાજસ્થાનના ઉદયપુરમાં મોહનલાલ

સુખડિયા વિશ્વ વિદ્યાલયના 32મા પદવીદાન સમારોહને સંબોધતા સુશ્રી મુર્મૂએ કહ્યું કે, ‘આપણી દીકરીઓ દરેક ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરી રહી છે.

આજે ચંદ્રક પ્રાપ્ત કરનારા લોકોમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વિદ્યાર્થીઓ કરતા વધુ છે. દીકરીઓ આજે આગળ આવી રહી છે. તે દેશ અને સમાજ માટે ગૌરવની વાત છે. શિક્ષણ એ સશક્તિકરણનું સૌથી યોગ્ય માધ્યમ છે. મેવાડ અને જયપુરની વિભૂતિઓએ સ્વતંત્રતા અને રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.’

રાષ્ટ્રપતિએ પદવી ગ્રહણ કરનારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે,રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી 2 દિવસના રાજસ્થાનના પ્રવાસે પહોંચ્યાં છે.

## MANN KI BAAT 10 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “મન કી બાત” કાર્યક્રમને આજે 10 વર્ષ પૂર્ણ થયા છે. આજના જ દિવસે વર્ષ 2014માં શ્રી મોદીએ આકાશવાણીના માધ્યમથી “મન કી બાત” કાર્યક્રમ થકી પોતાના વિચાર રજૂ કરવાની શરૂઆત કરી હતી. આ 10 વર્ષ દરમિયાન પ્રધાનમંત્રીએ નોંધપાત્ર સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય સહિતના મુદ્દાઓને આવરી લીધા છે.

આ મુદ્દાઓએ દેશમાં સકારાત્મક અસર ઊભી કરી છે. “મન કી બાત” પ્રધાનમંત્રી અને નાગરિકો વચ્ચેના સંવાદ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની ગયું છે. ગયા મહિને પ્રસારિત થયેલા “મન કી બાત” કાર્યક્રમમાં શ્રી મોદીએ આ કાર્યક્રમના 10 વર્ષનો ઉલ્લેખ કર્યો હતો.

**(બાઈટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

## PM ECONOMICCONCLAVE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સાંજે નવી દિલ્હીમાં કૌટિલ્ય ઇકોનૉમિક સંમેલનને સંબોધશે. આ સંમેલનની ત્રીજી આવૃત્તિ આવતીકાલથી 6

ઑક્ટોબર દરમિયાન યોજાશે. આ વર્ષનું સંમેલન હરિયાળા પરિવર્તનના ધિરાણ, ભૌગોલિક આર્થિક વિભાજન અને વિકાસ માટે અનુમાન તેમ જ સ્થિતિસ્થાપકતા યથાવત્ રાખવા માટે નીતિ કાર્યવાહીના સિદ્ધાંતો જેવા વિષય પર કેન્દ્રિત રહેશે.

ભારતીય અને આંતરરાષ્ટ્રીય વિદ્વાન અને નીતિ નિર્માતા ભારતીય અર્થવ્યવસ્થા અને વૈશ્વિક દક્ષિણની અર્થવ્યવસ્થાઓ સામે આવતા કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરાશે. આ સંમેલનમાં વિશ્વભરના વક્તાઓ ઉપસ્થિત રહેશે. કૌટિલ્ય ઇકોનૉમિક સંમેલનનું આયોજન નાણા મંત્રાલયની સાથેની ભાગીદારીમાં આર્થિક વિકાસની સંસ્થાન દ્વારા કરાયું છે.

# ED CRICKETER

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, EDએ આજે ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા મોહમ્મદ અઝહરુદ્દીનને સમન્સ પાઠવ્યું છે. હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશન સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સમન્સ પાઠવ્યું હતું. એચસીએના પૂર્વ પ્રમુખ મોહમ્મદઅ ઝહરુદ્દીન પર તેમના કાર્યકાળ દરમિયાન ભંડોળનો દુરુપયોગ કરવાનો આરોપ છે. આ પહેલીવાર છે જ્યારે કોંગ્રેસના નેતાને તપાસ એજન્સી દ્વારા સમન્સ મોકલવામાં આવ્યા છે, જેમાં તપાસ હેઠળના નાણાકીય વ્યવહારોમાં તેમની ભૂમિકા સ્પષ્ટ કરવા એજન્સી સમક્ષ હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે.

EDના સૂત્રોએ માહિતી આપી હતી કે આ કેસ હૈદરાબાદના ઉપ્પલ ખાતે રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ માટે ડીઝલ જનરેટર અને અગ્નિશામક પ્રણાલીની ખરીદી માટે ફાળવવામાં આવેલા 20 કરોડ રૂપિયાના કથિત દૂરઉપયોગ સાથે સંબંધિત છે. ઈડીએ ગયા નવેમ્બર દરમિયાન તેલંગાણામાં નવ સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું.

HCA નાપ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી તરીકે ફરજ બજાવતા લોકોના નિવાસસ્થાન પર સર્ચ કરવામાં આવ્યું હતું અને તેના પરિણામે ડિજિટલ ઉપકરણો,

ગુનાહિત દસ્તાવેજો અને કેટલીક બિનહિસાબી રોકડ રિકવરી અને જપ્ત કરવામાં આવી હતી. ED એ એન્ટીકરપ્શન બ્યુરો (ACB), હૈદરાબાદ દ્વારા નોંધાયેલી FIR અને HCA ના 20 કરોડ રૂપિયાના ભંડોળના ગુનાહિત દૂરઉપયોગને લગતી ACB દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટના આધારે તપાસ શરૂ કરી હતી.

# PM-E-AUCTION-DATE.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળેલી ભેટોની ઈ-હરાજીની તારીખ 31 ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. તે અગાઉ 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી સુનિશ્ચિત કરાઇ હતી. આ વર્ષની આ છઠ્ઠી હરાજી છે. સરકારે લોકોને ઈ-હરાજીમાં ભાગ લેવા વિનંતી કરી છે કારણ કે તે નમામી ગંગે ફાળામાં યોગદાન આપીને એક ઉમદા કાર્ય કરશે.

આ પ્રક્રિયામાં ભાગલેવા ઇચ્છુક વ્યક્તિઓ સત્તાવાર વેબસાઇટ https://pmmementos.gov.in દ્વારા નોંધણી કરીને તેમાં ભાગ લઈ શકે છે. હરાજી માટે લગભગ છસો સ્મૃતિચિહ્નો પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જેમાં વિશિષ્ટ કલાકૃતિઓ, મંદિરોના ઘડતરના નમૂનાઓ, હિન્દુ દેવી -દેવતાઓ અને પેરાલિમ્પિયન્સના જૂતાનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# NAVRATRI AMIT SHAH

દેવી દુર્ગાજીની પૂજાનો નવ દિવસનો તહેવાર એટલે કે, નવરાત્રિના પાવન પર્વનો આજે ધાર્મિક ઉત્સાહ સાથે પ્રારંભ થઈ રહ્યો છે. નવરાત્રિ દરમિયાન

દેવી દુર્ગાજીના નવા રૂપની પૂજા કરવામાં આવે છે. પહેલા દિવસે માતાજીને શૈલપુત્રીના રૂપમાં પૂજવામાં આવે છે.

આ તરફ કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસ દરમિયાન અમદાવાદના GMDC મેદાન ખાતે વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ 2024નો પ્રારંભ કરાવશે. ઉપરાંત શ્રી શાહ તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં વિવિધ પરિયોજનાનું લોકાર્પણ પણ કરશે. શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકાના 446 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે.

દરમિયાન શ્રી શાહ સાણંદમાં “કાર્યકર્તા સંમેલન”ને સંબોધશે. આવતીકાલે તેઓ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એડીસી બેન્કની 100મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

## PM- NAVRATRI

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજથી શરૂ થયેલી નવરાત્રીના શુભ અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રીમોદીએ કહ્યું કે, શક્તિ વંદનાને સમર્પિત આ પવિત્ર તહેવાર દરેક માટે શુભ સાબિત થાય. પ્રધાનમંત્રી ઉમેર્યું હતું કે નવરાત્રીના પ્રથમ દિવસે, તેમણે મા શૈલપુત્રીને હાથ જોડીને પ્રાર્થના કરી છે.

## J&K-NAVRATRI FESTIVAL

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં પણ નવરાત્રિ પર્વની ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આજે વહેલી સવારથી, દેશના વિવિધ ભાગોમાંથી કટરા ખાતે માતા વૈષ્ણોદેવી મંદિરમાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે અને મંદિરની પવિત્ર ગુફાની અંદર દેવી "દુર્ગા", દેવી "મહા કાલી" અને દેવી "સરસ્વતી" ને વંદન કરી રહ્યા છે. કાશ્મીરમાં પણ આજે પ્રથમ નવરાત્રિ નિમિત્તે ભક્તો માંના દર્શન કરી રહ્યા છે.

અમારા શ્રીનગરના સંવાદદાતા જણાવી રહ્યા છે કે, "કાશ્મીર ખીણમાં, શ્રદ્ધાળુઓ આજે વહેલી સવારથી જ શ્રીનગરમાં દુર્ગાનાથ મંદિર, તુલમુલ્લા ગંદરબલ ખાતે માતા રાગ્યના મંદિર અને ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના ટીક્કર ખાતેના ખીર ભવાની મંદિરમાં દેવી દુર્ગાના રૂપમાં તેમની પ્રાર્થના કરવા માટે આવી રહ્યા છે.

આ દરમિયાન, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ એક સંદેશમાં જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના લોકોને સુખ, સમૃદ્ધિ અને સુખાકારી માટે માતા પાસે પ્રાર્થના કરી લોકોને  શુભકામનાઓ પાઠવી છે.

# NAVAL CONFERENCE

ભારત-પ્રશાંત ક્ષેત્રના સંશાધનો, ભૌગોલિક રાજનીતિ અને સલામતી વિષય પર ભારતીય સેનાની ત્રણ દિવસનું વાર્ષિક આંતરરાષ્ટ્રીય સંમેલન ઇન્ડો-પેસિફિક રિજનલ ડાયલૉગનો આજે નવી દિલ્હીમાં પ્રારંભ થશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે આ સંમેલનમાં સંબોધન કરશે.

નૌકાદળે જણાવ્યું કે, આ વ્યૂહાત્મક સંમેલન આંતરરાષ્ટ્રીય સ્તર પર તેમની અભિવ્યક્તિ અને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં સમગ્ર દરિયાઈ સલામતી સાથે સંબંધિત છે.

# SENSEX EARLY

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિની ભારતીય શેરબજાર પર જોવા મળી છે. તેના કારણે આજે બૉમ્બે સ્ટૉક એક્સચેન્જના સેન્સેક્સમાં પ્રારંભિક તબક્કે 877 પૉઇન્ટનો કડાકો થયો હતો. જ્યારે નેશનલ સ્ટૉક એક્સચેન્જનો નિફ્ટી 259 પોઈન્ટ ઘટીને  25 હજાર 537 પોઈન્ટ પર પહોંચ્યો હતો.

# ICC WOMEN T20 WORLD CUP

ICCના નવમા મહિલા ટી-20 વિશ્વકપનો આજથી સંયુક્ત આરબ અમીરાતના શારજાહ ખાતે પ્રારંભ થશે. આગામી 20 ઑક્ટોબર સુધી યોજાનારી આ

સ્પર્ધામાં કુલ 10 ટીમ ભાગ લેશે. વિશ્વકપની પહેલી મેચ આજે બાંગ્લાદેશ અને સ્કૉટલેન્ડ વચ્ચે રમાશે. જ્યારે ભારત પોતાની પહેલી મેચ આવતીકાલે ન્યૂ ઝિલેન્ડ વચ્ચે રમશે. દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ રવિવારે રમાશે.

છેલ્લા ત્રણ ટી-20 વિશ્વકપ જીતનારી ગયા વર્ષની વિજેતા ટીમ ઑસ્ટ્રેલિયા, ભારત, ન્યૂ ઝિલેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા સાથે સમૂહ – એ માં છે. જ્યારે સમૂહ – બીમાં બાંગ્લાદેશ, ઇંગ્લેન્ડ, સ્કૉટલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝનો સમાવેશ થાય છે.

ભારતીય મહિલા ટીમે મંગળવારે દક્ષિણ આફ્રિકાને 28 રનથી હરાવીને અભ્યાસ મેચમાં સતત બીજી જીત મેળવી હતી. જ્યારે પોતાની પહેલી અભ્યાસ મેચમાં ટીમે વેસ્ટ ઇન્ડીઝને 20 રનથી હરાવ્યું હતું.

## NEPAL FLOOD

નેપાળમાં, તાજેતરના પૂર અને ભૂસ્ખલનથી અત્યાર સુધીમાં મૃત્યુઆંક 233 પર પહોંચી ગયો છે જ્યારે 22 લોકો હજુ પણ ગુમ છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 169 લોકો ઘાયલ થયા છે.

ગૃહ મંત્રાલયના પ્રવક્તા ઋષિરામ તિવારીના જણાવ્યા અનુસાર, પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 17 હજાર 120 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સરકારે બચાવ અને રાહત કાર્યને ઉચ્ચ અગ્રતા આપી છે. ક્ષતિગ્રસ્ત પુલો પર કામચલાઉ પુલ બનાવીને આપત્તિગ્રસ્ત હાઈવેના સમારકામ અને પરિવહનના માધ્યમોનું સંચાલન કરવા માટે કામ ચાલી રહ્યું છે.